# હોસ્પિટલનું પાર્કીંગ અને સિકયુરીટીનું ટેન્ડર કયારે ખુલશે...?

## ટેન્ડર ભર્યું હોય તેવા ખાનગી એજન્સીના માણસો પણ સિવિલના ધક્કા ખાઈ થાકી ગયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં સિકયુરીટી અને પાર્કીંગનું ટેન્ડર બહાર પડ્યું હતું. આ કોન્ટ્રાકટ લેવા ઈચ્છતા ખાનગી એજન્સીઓ દ્વારા ટેન્ડર ભરવામાં આવ્યા છે. પરંતુ ટેન્ડર કયારે ખુલશે તેની રાહ જાઈને એજન્સીઓવાળા પણ થાકી ગયા છે. ત્યારે તંત્રની કંઈ ગુંચવણમાં કયા કારણોસર ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં વિલંબ થઈ રહ્યો છે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં થોડા સમય અગાઉ હોસ્પિટલ દ્વારા વિવિધ ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. જેમાં સિકયુરીટી, પાર્કીંગ, ઈન્સ્ટ્રુમેન્ટ મેઈનટેનન્સનો સમાવેશ થાય છે.જેમાં કોન્ટ્રાકટ મેળવવા ઈચ્છુક એજન્સીઓ એ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી છે. ત્યારબાદ નિયત સમયગાળામાં કોમ્પ્યુટર ઈન્સ્ટ્રુમેન્ટ અને અન્ય ચીજવસ્તુનો કોન્ટ્રાકટ જે તે એજન્સીને આપી દેવામાં આવ્યો છે. પરંતુ વાયબ્રન્ટ પહેલાની આ પ્રક્રિયા વાઈબ્રન્ટની ધમાલમાં પાછી ઠેલાઈ હતી. પરંતુ ટેન્ડર મેળવવા ઈચ્છુક એજન્સીના માણસોના પગરખા પણ ટેન્ડર ખુલ્યું તો સવાલના જવાબ મેળવવા ઘસાઈ ગયા છે. હોસ્પિટલની વહીવટી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ પણ કયા કારણોસર આ બંન્ને ટેન્ડર ઘોંચમાં પડ્યા છે તે ચર્ચાનો વિષય છે. ત્યારે આગામી ટુંક સમયમાં ટેન્ડર ખુલે તેની મીડ માંડીને ખાનગી એજન્સીના સંચાલકો બેઠા છે. ત્યારે જોવુ રહ્યું કે આગામી સમયમાં કંઈ એજન્સીને સિકયુરીટી અને પાર્કીંગનો કોન્ટ્રાકટ મળે છે.

# શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ગુજરાત આઝાદી આંદોલન યોજાશે

## ૩૦મી જાન્યુઆરીના દિવસે યોજાનાર આ આંદોલનમાં હજ્જારો નાગરીકો ઉમટે તેવી શકયતા

ગાંધીનગર, તા.૨૨

મહાત્મા ગાંધીના બલિદાન દિવસથી અમિત શાહ ગેંગના ભય અને ભ્રષ્ટ્રાચારથી ગુજરાતને આઝાદ કરાવવાના શિર્ષક હેઠળ ગુજરાત આઝાદી આંદોલન આગામી તા.૩૦મી જાન્યુઆરીના દિવસે સવારે ૧૧ કલાકે પાટનગરની સત્યાગ્રહ છાવણી ખાતે યોજાશે. આ આંદોલનમાં ગુજરાતભરમાંથી મોટીસંખ્યામાં નાગરીકો આવે તેવી શક્યતાઓ પ્રબળ બની છે. ત્યારે આઈબી પણ આ આંદોલન પર ખાસ વોચ રાખીને બેઠી છે. જયારે અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગુજરાત આઝાદી આંદોલન આમ આદમી પાર્ટી દ્વારા યોજાવાનું છે તેમજ આગામી આવનારી વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી આમ આદમી પાર્ટી જોરશોરથી ગુજરાતમાં પ્રવેશ કરે તેવી શકયતાઓ નકારી શકાતી નથી.

રાજયભરમાં આગામી સમયમાં વિધાનસભાની ચુંટણી યોજાવાની છે. ત્યારે ગુજરાત પર તમામ પક્ષોની નજર છે. ત્યારે ગુજરાતમાં આપ પાર્ટી પોતાનું સ્થાન ચુંટણી પહેલા મજબુત કરવા થનગની રહી છે. ચુંટણીને અનુલક્ષી તમામ પક્ષોએ માઈક્રો પ્લાનીંગ શરુ કર્યુ છે. ત્યારે અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ મહાત્મા ગાંધીના બલિદાન દિવસથી અમિત શાહ ગેંગના ભય અને ભ્રષ્ટ્રાચારથી ગુજરાતને આઝાદ કરાવવા માટે ગુજરાત આઝાદી આંદોલનના શિર્ષક હેઠળ આપ પાર્ટી આગામી તા.૩૦ના રોજ પાટનગરની સત્યાગ્રહ છાવણી ખાતે સવારે ૧૧ કલાકે આંદોલન કરશે. આ આંદોલનમાં રાજયભરમાંથી હજ્જારો નાગરીકો સત્યાગ્રહ છાવણી ખાતે ઉમટી પડશે. આ આંદોલનને પગલે આઈબી પણ નજર રાખીને બેઠું છે. ત્યારે આપ પાર્ટી આંદોલનથી રાજયમાં જોરશોરથી ગુજરાતમાં પ્રવેશ કરીને પોતાનું સ્થાન મજબુત કરવા પ્રયત્નો હાથ ધરશે. ત્યારે આ આંદોલનથી રાજકીય આગેવાનોના અને પાર્ટીઓની ઉંઘ ઉડી જવા પામી છે.

# ભાજપ વિજય રૂપાણીના નેતૃત્વમાં વિધાનસભાની ચૂંટણી લડશે

ગાંધીનગર, તા. ૨૨

કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા અને ગુજરાતમાં અરાજકતા ફેલાવવાના કોંગ્રેસના મનસુબાને લોકોની વચ્ચે પર્દાફાશ કરવા તેમજ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીની આગેવાનીમાં આગામી વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીમાં પરીવર્તનની પરાકાષ્ઠા સર્જીને કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો કરીને ગુજરાતમાં ભાજપના ભવ્ય વિજય સાથે સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને સાકાર કરવા કાર્યકરોને ભાજપની કારોબારીમાં અનુરોધ કરવામાં આવ્યો હતો.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં તેમજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને ભાજપ રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારીની ઉપસ્થિતિમાં પ્રદેશ ભાજપ કારોબારીની બેઠક મળી હતી. જેમાં રાજકીય ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.







પ્રદેશ ભાજપ કારોબારી બેઠકમાં પસાર કરવામાં આવેલા રાજકીય ઠરાવમાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કરવામાં આવ્યા છે અને જણાવાયુ છે કે વડાપ્રધાનની લોકપ્રિયતા કોંગ્રેસ સહન કરી શકતુ નથી. જ્યારથી તેમણે દેશના સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારથી કોંગ્રેસ નરેન્દ્ર મોદીની આગવી અને ઓજસ્વી પ્રતિભાને નુકશાન પહોંચાડવા સતત પ્રયાસો કર્યા પરંતુ તેમાં કોંગ્રેસ સંપૂર્ણ નિષ્ફળ રહી અને દેશમાં અને રાજ્યોમાં કોંગ્રેસનો સફાયો થતો ગયો.

કોંગ્રેસ નોટબંધીનો વિરોધ કરીને કાળા નાણા અને ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપે છે. કારણ કે કોંગ્રેસનું ૬૦ વર્ષનું શાસન જ કાળા નાણા ભ્રષ્ટાચારનું સર્જન કરનારૂ રહ્યુ. કોંગ્રેસ નોટબંધીના મુદ્દે બેંકોમાં લોકોની લાઈનો અંગે આક્ષેપ કરે છે. પણ કોંગ્રેસે ૬૦-૬૦ વર્ષ સુધી દેશની જનતાને લાઈનમાં જ ઉભી રાખી છે. કેરોસીન માટે, ગેસ માટે, ખાતર માટે, અનાજ માટે કે સરકારી લાભ મેળવવા માટે કોંગ્રેસ ગરીબ મધ્યમવર્ગને સતત લાઈનોમાં જ ઉભી રાખી હતી. કોંગ્રેસે દેશની જનતાને ૬૦ વર્ષ સુધી લાઈનોમાં ઉભા રાખ્યા પછી તે અંગે બોલવાનો તેને કોઈ નૈતિક અધિકાર જ નથી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાળુ નાણાં અને ભ્રષ્ટાચાર દૂર કરવા તબક્કાવાર અનેક નિર્ણયો કર્યા છે. કાળા નાણાં માટે સીટની રચના કરી હોય, જનધન યોજના દ્વારા ૨૫ કરોડ જેટલા લોકોના ખાતા ખોલાવ્યા આધારકાર્ડ ઈન્કમ ડીસ્કલોઝર સ્કીમ જાહેર કરી અને પછી નોટબંધીનો ઐતિહાસિક આર્થિક ક્રાંતિકારી નિર્ણય કર્યો. આ કારોબારી માને છે કે દેશ ચલાવવો અને દેશ બદલવો એ બન્ને અલગ બાબત છે અને સમગ્ર દેશ તેની અનુભૂતી કરી રહ્યા છે કે મેરા દેશ બદલ રહા હૈ દેશ આગે બઢ રહા હૈ.

# દહેગામમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

## એલસીબીએ ચોરીના મુદ્દામાલ સાથે ત્રણને પકડી પાડયા : થર્ટી ફર્સ્ટ નાઈટે ઘરફોડ કરી હતી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર એલસીબીની ટીમે ગઈ કાલે દહેગામ પાસેથી બાતમીને આધારે ઘરફોડ ચોરીના ગુનાના ત્રણ આરોપીઓને પકડી પાડયા હતા. ચોરીના માલ સાથે પકડાઈ ગયેલા ત્રણેય શખ્સોની પુછપરછ કરતા થર્ટી ફર્સ્ટ ડીસેમ્બરની નાઈટે તેમણે દહેગામમાં ઘરફોડ ચોરી કરી હોવાની કબુલાત કરતા ત્રણેયની ધરપકડ કરી દહેગામ પોલીસને વધુ તપાસ માટે સોંપવામાં આવ્યા છે.



ગાંધીનગર એલસીબી પી.આઈ. પી.બી. ચૌહાણની સુચનાથી તેમની ટીમ ઘરફોડ ચોરી અટકાવવા તથા ઘરફોડીયા પકડવા સક્રીય થઈ છે ત્યારે ગઈ કાલે પીએસઆઈ એચ.કે. સોલંકી તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે દહેગામમાં ત્રણ શખ્સો ચોરીના માલ સાથે નિકળ્યા છે. દહેગામના પાલુન્દ્રા ગામ જતા માર્ગ પર મેશ્વો નદીના પુલ પાસેથી બે બાઈકમાં જતા ત્રણ શખ્સોને પકડી પાડવામાં આવ્યા હતા. મહિસાગર જિલ્લાના લુણાવાડા ખાતે રહેતા ગોપાલ અજમેલ સોલંકી, ખેડા જિલ્લાના ઠાસરા ખાતે રહેતા સદામસા શબિરસા દિવાન અને દહેગામના બારડોલી ટીંબા વાસના રાહુલ ઉર્ફે જીગર માનસિંહ ચૌહાણ મળી ત્રણેયની અંગ જડતી કરતાં તેમની પાસેથી કોથળી મળી આવી હતી. જેમાં કોમ્પ્યુટર સેટ અને ટેબલેટ મળતા સઘન પુછપરછ કરતા થર્ટી ફર્સ્ટ ડીસેમ્બરની રાત્રે દહેગામ નહેરુ ચોકડી નજીકમાં ઘરફોડ કરી હોવાની કબુલાત કરી હતી. ત્રણેયની ધરપકડ કરી દહેગામ પોલીસને સોંપવામાં આવતા દહેગામ પોલીસે ઉંડી પુછતાછ શરુ કરી છે.

# ડેમોક્રેટિક પીપલ્સ એસોસિયેશનની કારોબારીની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની કારોબારીની બેઠક તાજેતરમાં પ્રમુખના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં અનુસુચિત જાતિને લગતા વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

ગાંધીનગર ડેમોક્રેટિક પીપલ્સ એસોસિયેશનની મળેલી તાજેતરની બેઠકમાં પ્રમુખ ભાનુકાન્ત પી પરમારે અનુસુચિત જાતિ પર ખાસ કરીને સૌરાષ્ટમાં થતા અત્યાચારો અંગે રાજયના મુખ્યમંત્રી અને માનવ અધિકાર આયોગને રજુઆત કરી છે. ઠાકોર સેના ગામમાં દારુબંધી માટે જાય ત્યારે દારુબંધી ઉપરાંત દલિત સમાજ ઉપર અત્યાચાર ન થાય અને થાય તો તેઓની પડખે ઉભા રહેવા પણ જણાવ્યું છે. દલિત સમાજના વિદ્યાર્થીઓ દેશના ઝડપી આર્થિક વિકાસમાં ફાળો આપવાની મહત્વાકાંક્ષા ધરાવતા યુવાનો દેશ વિદેશની નામાંકિત યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરી શકે તે માટે કેન્દ્ર સરકાર રૂ ૫૦ લાખની વ્યાજ રહીત લોન શિડ્યુઅલ કાસ્ટ સ્ટુડન્ટ સ્કોલરશિપ અંતર્ગત સરળતાથી મળી રહે તેવી જોગવાઈ કરવી તેમજ આવક મર્યાદા દુર કરવા કેન્દ્રીય નાણામંત્રી અને સામાજીક ન્યાય અને અધિકારીતા પત્ર લખીને જાણ કરી છે.સફાઈ કામદારના મૃત્યુના કેસમાં રૂ.૧૦ લાખનું વળતર આપવા માટેની સંસ્થાની માંગણી સુપ્રિમ કોર્ટના આદેશથી રાજય સરકારે નિર્ણય કર્યો છે તે અંગે સંસ્થાએ સંતોષ વ્યકત કર્યોછે. આ બેઠકનું સંચાલન મહામંત્રી વિરચંદભાઈ પરમારે કર્યુ હતું. આ પ્રસંગે મોટીસંખ્યામાં સંસ્થાના સભ્યો હાજર રહ્યા હતા.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




જો તારા પર જલીકટ્ટુ રમાડીને મોદીજી કોઈ અત્યાચાર નથી કરતા... અમે પણ નોટબંધી વખતે બેંકમાં જઈને સ્ટાફ સાથે કર્યુ એ પણ તેનાથી મ ન હતું.

# પ્રતિસ્પર્ધીની નિંદા ન કરો પણ ‘ગુજરાત ફર્સ્ટ’નું સ્લોગન આપો અને ચૂંટણી જીતો

અમેરિકામાં થયેલા સત્તા પરિવર્તન પછી તેની અસર હિન્દુસ્તાનમાં થાય તો નવાઈ પામવા જેવું નથી. આપણે ત્યાં દિલ્હીમાં ઘણાં ડોનાલ્ડ ટ્રમ્પના રોલમાં છે. ફાયર બ્રાન્ડ નેતા ક્યારેક સત્તા અપાવી જાય છે અથવા તો મેદાનમાંથી ફેંકાઈ જાય છે. જો ફાયર ક્યાં અને ક્યા સમયે કરવાનું તેની પરખ હોવી જરૂરી છે. પશ્ચિમ બંગાળના ચીફ મિનિસ્ટર મમતા ફાયરબ્રાન્ડ નેતા છે. મનસે ના સુપ્રિમો રાજ ઠાકરે ફાયરબ્રાન્ડ છે. તામિલનાડુમાં જયા એવા નેતા હતા. બિહારમાં નિતીશ કુમાર ફાયરબ્રાન્ડ છે. ઉત્તરપ્રદેશમાં અખિલેશ અને દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ સુપર કિંગ છે. રાજકીય સપાટી પર ઉપસી રહેલા ગુજરાતના યુવા નેતાઓમાં હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોર ફાયરબ્રાન્ડ છે. ગુજરાતના ઉદ્યોગો ગુજરાતમાં અને ગુજરાતની નોકરી ગુજરાતના યુવાનોને... એ સૂત્ર આપશે તે યુવા નેતા ગુજરાતમાં રાજ કરશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં ગરીબી કરતાં બેકારી એ સૌથી મોટો પડકાર છે. સરકારે બેકારીના આંકડા સુધારવાની જરૂર છે, કારણ કે ૨૫૦૦ બેઠકો માટે બાર લાખ ફોર્મ ભરાય ત્યારે ગુજરાતના ચોપડે નવ લાખ બેકારો હોવાના આંકડા આપણને ખોટા લાગે છે...

**● ચૂંટણી માટે કોંગ્રેસને ડોનાલ્ડ ટ્રમ્પની જરૂર છે...**

ગુજરાતમાં જો કોંગ્રેસને સત્તારૂઢ થવું હોય તો ડોનાલ્ડ ટ્રમ્પની ટક્કર લઈ શકે તેવા ચીફ મિનિસ્ટરના કેન્ડિડેટની જરૂર છે. ફર્સ્ટ ગુજરાત...નો નારો આપી શકે તેવા રાજનિતીજ્ઞની ગુજરાત કોંગ્રેસને આવશ્યકતા હોય તેવું લાગે છે. કોંગ્રેસના એક યુવા નેતા કહે છે કે- ભાજપનો એક ચહેરો નરેન્દ્ર મોદી છે કે જે હાલ ભારત દેશના વડાપ્રધાન છે. ડોનાલ્ડ ટ્રમ્પની સ્ટાઈલમાં તેઓ જાહેર સભામાં લોકોને જકડી રાખે છે. રોજ નવું નવું કરવાની જેમનામાં ખ્વાઈશ છે. ચૂંટણી સ્ટટેજી માસ્ટર અને ભાજપના ૧ થઈ ૧૦ના ક્રમે આવે એવા સ્ટાર પ્રચારક છે, પરંતુ કોંગ્રેસમાં એવા કોઈ નેતા નથી કે જેઓ ગુજરાતની સાડા છ કરોડની જનતા કે સાડા ત્રણ કરોડ મતદારોને પોતાના કરી શકે... હા, શંકરસિંહ વાઘેલામાં પ્રજાને જકડી રાખવાની ખુબી છે પરંતુ કોંગ્રેસ ઓરમાયા સંતાનને સર્વસ્વ સોંપી શકે નહીં તેવી જૂની પુરાણી ઘરેડમાં રાચે છે. અમેરિકામાં ડેમોક્રેટીક પાર્ટીએ અનેક વિરોધોનો સામનો કરીને ડોનાલ્ડ ટ્રમ્પને મેદાનમાં ઉભા રાખ્યા પરંતુ ગુજરાતની સત્તા કબજે કરવા કોંગ્રેસ શંકરસિંહને આ સ્થાન આપી શકે તેમ નથી, જો તેમ ન થઈ શકે તો કોઈ ડાઈનેમિક યુવા લિડરને કમાન સોંપી દેવી જોઈએ કે જે મોદીના છોડેલા ‘ચૂંટણી વાક્ બાણ’ ને ઝીલી શકે...

**● તપાસ કરો- નોટબંધીની અસર ગામડામાં કેવી છે...**

મોદી સરકારે નોટબંધી કર્યા પછી ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં ભાજપ અને સરકાર માટે કેવી હાલત છે તેવો પ્રશ્ન લોકોને પૂછવા માટે રાજ્યના મિનિસ્ટરો, ધારાસભ્યો તેમજ સંસદસભ્યોને તાકીદ કરવામાં આવી છે. અમદાવાદ, સુરત અને વડોદરા એ ત્રણ શહેરો ભાજપ માટે પડકારજનક નથી પરંતુ નાના શહેરો અને ખાસ કરીને ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં ભાજપની હાલત કફોડી છે તેવા રિસર્ચ અહેવાલના પગલે પાર્ટી હાઈકમાન્ડે સર્વેક્ષણ કરવાનું નક્કી કર્યું છે. આ કામગીરી માટે સોશ્યલ મિડીયાનો પણ સહારો લેવામાં આવનાર છે. પાર્ટીના પ્રદેશ સૂત્રો કહે છે કે ગુજરાતમાં કોંગ્રેસ ક્યા વિસ્તારમાં મજબૂત છે અને ત્યાં કોને ટીકીટ આપીએ તો જીતી શકાય તેમ છે તેવા મેસેજ સાથે જિલ્લા પ્રભારીઓને યાદી બનાવવાનું કામ આપવામાં આવ્યું છે. ભાજપે કોંગ્રેસના ૬૦ એવા મત વિસ્તારો આઈડેન્ટીફાય કર્યા છે કે જ્યાં કોંગ્રેસની સીટ સ્યોર માનવામાં આવે છે. કોંગ્રેસ માટે આ સૌથી મોટો ખતરો છે.




**● લોકોને શું ગમશે તે બજેટમાં સમાવેશ કરો...**

ગુજરાતની જાહેર જનતાને શું કરીશું તો ગમશે, ક્યા પ્રોજેક્ટથી લોકોને ફાયદો થશે... ક્યા કાયદામાં પરિવર્તન લોકો ઈચ્છી રહ્યાં છે... ભાજપ સરકારની કઈ બાબતો લોકોને નડે છે...વિવિધ સમૂદાય અને સમાજ માટે કઈ નવી યોજના શરૂ કરી શકાય તેમ છે... આવા પ્રશ્નોની યાદી સરકારના વહીવટી તંત્રને આપવામાં આવી છે. સરકાર બજેટ પૂર્વે આ અભિપ્રાયો પ્રમાણે કામ કરવા માગે છે. વિવિધ વિભાગોના સેક્રેટરીઓના માથે આ જવાબદારી આવી છે અને તેમને જિલ્લા આગેવાનો તેમજ ધારાસભ્યોના સીધા સંપર્કમાં રહેવાનું કહેવામાં આવ્યું છે. મુખ્યપ્રધાન વિજય રૂપાણી બજેટની તૈયારી પૂર્વે જે કરવા માગે છે તે પ્લાન બહુ ઉંચા છે પરંતુ જો તેમને હાઈકમાન્ડ સાથ આપે તો તેમનું આ સ્વપ્ન પૂર્ણ થઈ શકે તેમ છે, અન્યથા જો હાઈકમાન્ડનું ચાલશે તો તેમના પ્લાન તેમણે પડતા મૂકવા પડશે. તેઓ માને છે કે સરકારે લોકોને નડવાનું બંધ કરવું જોઈએ.

**● કોંગ્રેસ મોદીને અને ભાજપ કોંગ્રેસને ભૂલે...**

ગુજરાતની જનતાનો વિકાસ કરવો હોય તો સામાન્ય જનતા જેનાથી ત્રાસી છે તેવી ઘસાયેલી રેકર્ડ વગાડવાનું બન્ને પાર્ટીઓએ બંધ કરવું જોઈએ. ચૂંટણી આવે છે અથવા તો આક્ષેપ થાય છે ત્યારે ભાજપના નેતાઓ એવું કહે છે કે- કોંગ્રેસના ૬૦ વર્ષના શાસનની આ દેન છે. કોંગ્રેસે આટલા વર્ષો શું કર્યું છે તે જનતા જાણે છે. ભાજપ ગુજરાતમાં ૨૧ વર્ષથી સત્તામાં છે ત્યારે હવે આ રેકોર્ડ બંધ કરવી જોઈએ, બીજી તરફ કોંગ્રેસના નેતાઓ કહે છે કે મોદીએ આમ કર્યું છે... મોદીએ તેમ કર્યું છે... મોદીના રાજમાં આવું છે... તેવું છે... આ શબ્દોથી જનતા કંટાળી ચૂકી છે. કોંગ્રેસે રાજ્યના ડેવલપમેન્ટ માટે પોતાનો મત મૂકવો જોઈએ. જો આમ થશે તો જ બન્ને પાર્ટીઓ માટે અચ્છે દિનની શરૂઆત હશે...

**● બજેટ ઈન્ડિયાનું નહીં હિન્દુસ્તાનનું બનાવો...**

કેન્દ્ર સરકારના નાણાપ્રધાન અરૂણ જેટલી મોદી સરકારનું સામાન્ય અંદાજપત્ર રજૂ કરવા જઈ રહ્યાં છે ત્યારે તેમને કહેવાનું મન થાય છે કે તેઓ ઈન્ડિયાનું નહીં હિન્દુસ્તાનનું બજેટ બનાવે તો ભારતની પ્રજાની સેવા કહેવાશે. અત્યાર સુધીમાં આવેલા બજેટ ઈન્ડિયાના બન્યા છે, મતલબ એ છે કે ભારતનું બજેટ વૈશ્વિક પરિબળોને આધારે બનાવવામાં આવે છે. બજેટમાં માલેતુજારોના ફાયદા સાથે ગરીબ અને મધ્યમવર્ગની સ્થિતિ કફોડી બનતી હોય છે. નાણાપ્રધાને કોમન મેનને લક્ષ્યમાં લઈને બજેટ બનાવવા જોઈએ, હકીકતમાં સરકારનું કામ લોકોને સસ્તી અને ઝડપી સેવાઓ આપવાનું હોય છે પરંતુ બજેટમાં સૌથી વધુ પરેશાન આમ આદમીને જ કરવામાં આવે છે. હિન્દુસ્તાનનું બજેટ રજૂ થાય તો કમસે કમ મધ્યમવર્ગનું જીવન ધોરણ ખુશહાલીથી પસાર થઈ શકે તેમ છે.

**● લ્યો હવે, પ્રધાનને ફોન કરવો ગુનો બને છે...**

હવે તો રાજ્યના કોઈપણ પ્રધાનને ફોન કરીને માહિતી આપવી તે ગુનો બને છે. નાયબ મુખ્યપ્રધાન નિતીન પટેલને ફોન કરીને દારૂની વિગતો આપવા માગતા પોલીસ કર્મચારીની ધરપકડ કરવામાં આવતા લોકો ચોંકી ઉઠ્યા છે. આપણા લોકશાહી દેશમાં જ આવું શક્ય બને છે. અમેરિકામાં નવ નિયુક્ત પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરમાં ટીકાઓ કરવામાં આવતી હોય છે પરંતુ ભારતમાં કે ગુજરાતમાં જાહેરમાં પીએમ, સીએમ કે પ્રધાનની ટીકા થઈ શકતી નથી. ઈન્ફર્મેશન આપવાની પદ્ધતિ સામે ભાજપની સરકારને વિરોધ છે, ભાજપ એવું ઈચ્છે છે કે નકારાત્મક બાબતો હોય તો અમને કાનમાં કહો, જાહેરમાં તેનો ઢંઢેરો પિટવો નહીં. તાજેતરમાં ભારતના એક સૈનિકે તેમને મળતા હલકી ગુણવત્તાના ભોજનની ફરિયાદ સોશ્યલ મિડીયામાં કર્યા પછી તેની હાલત ખરાબ કરી દેવામાં આવી છે. અહીં ગુજરાતમાં પણ તેવું થયું છે.

**● કોંગ્રેસે ફરિયાદ પેટી શરૂ કરવી જોઇએ...**

ગુજરાતમાં કોંગ્રેસને સત્તામાં પાછું આવવું હોય તો તેના નેતાઓએ જનતા માટે ફરિયાદ પેટી શરૂ કરવી જોઈએ. આ ફરિયાદ પેટી પ્રત્યેક શહેર અને ગામડામાં મૂકીને આવેલી ફરિયાદો ઉપર એક્શન લઈને યોગ્ય જગ્યાએ નિકાલ માટે ઝનૂનપૂર્વક લડવું જોઈએ. લોકોની સરકાર કોને કહેવાય તે જોવું હોય તો પશ્ચિમ બંગાળ અને તામિલનાડુ જવું જોઈએ, કારણ કે આ બન્ને રાજ્યોમાં જનતા સર્વોપરી હોય તેવું લાગે છે. નવી દિલ્હીમાં અરવિંદ કેજરીવાલે સૌથી વધુ જનતાની ફરિયાદો સાંભળી છે પરંતુ હવે મુખ્યપ્રધાન બન્યા પછી તેમની પાસે લોકોને સાંભળવાનો ટાઈમ રહ્યો નથી. દિલ્હીની જનતાની નાડ પારખીને સત્તા પર બેઠેલા આમ આદમી પાર્ટીના નેતાઓ કેન્દ્ર સરકારે બિછાવેલી જાળમાં ફસાતા જાય છે છતાં અરવિંદ કેજરીવાલની આંખ ખૂલતી નથી.

**● ભાજપની નજરમાં હવે સોશ્યલ મિડીયા...**

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ સોશ્યલ મિડીયા પર ભાજપની પક્કડ તેજ બનતી જાય છે. ફેસબુક અને ટ્વિટર પર જાત જાતના એકાઉન્ટ ખોલીને ભાજપ સામેની નકારાત્મક સ્થિતિને સુધારવાના પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે. ગુજરાત ભાજપના નેતાઓ કે જેઓ સોશ્યલ મિડીયા પર નબળો દેખાવ કરતા હતા તેમને સૂચના આપી કેન્દ્ર અને રાજ્ય સરકારના વિકાસ કાર્યોને સોશ્યલ મિડીયા પર પ્રસિદ્ધિ આપવા તાકીદ કરવામાં આવી છે. સરકારે ધારાસભ્યોને અને પાર્ટીએ પ્રદેશના નેતાઓ તેમજ પ્રમુખ કાર્યકરોને સોશ્યલ મિડીયાના રણમેદાનમાં ઉતરી જવાનો આદેશ કર્યો છે. સોશ્યલ મિડીયા માટે ભાજપ વોરરૂમ ઉભો કરી રહ્યું છે જેમાં ચુનંદા આઈટી નિષ્ણાંતો તેમજ સોશ્યલ મિડીયામાં એક્ટિવ એવા કાર્યકરોને આમંત્રિત કરવાનો પાર્ટીના યુવા પ્રમુખ જીતુ વાઘાણીએ પ્રયાસ શરૂ કર્યો છે.

**● બ્યુરોક્રેસીને પણ ટ્વિટરનો ચસકો લાગ્યો...**

કેન્દ્રની મોદી સરકારની ટ્વિટર અપડેટ્સ જોઈને ગુજરાતના સિનિયર આઈએએસ ઓફિસરોને ટ્વિટરનો ચસકો લાગ્યો છે. ૧૪૦ કેરેક્ટરમાં આખા ન્યૂઝ સમાવી લેવાની સોશ્યલ મિડીયાની ટ્રીકના ઓફિસરો દિવાના બન્યા છે. નવી ટ્વિટ અને રિ-ટ્વિટ કરતા ઓફિસરો ટ્વિટરના મેદાનમાં નજરે પડ્યા છે. કેટલાક ઓફિસરો એવા છે કે જેઓ ત્વરીત રિપ્લાય પણ આપે છે. એસટી નિગમના ચીફ વિજય નહેરા, આરોગ્ય વિભાગના પંકજ કુમાર અને ગુજરાત મેરીટાઈમ બોર્ડના ચીફ અજય ભાદુ તેમના ટ્વિટરથી સતત અપડેટ છે. ટ્વિટરમાં કોઈએ તેમને ફરિયાદનો મેસેજ કર્યો હોય તો તેનું ત્વરીત સોલ્યુશન લાવી આપે છે. આઈપીએસમાં પણ સમશેરસિંહ જેવા પોલીસ ઓફિસરો છે કે જેઓ ગુનાખોરી પર બાજ નજર રાખીને ટ્વિટરના માધ્યમથી લોકોને ન્યાય આપવાનો પ્રયાસ કરે છે.

**હાઈકમાન્ડનો આદેશ- તપાસ કરો, ગામડામાં આપણા માટે ચિત્ર કેવું છે ...**

**ઓફિસરોની જેમ પ્રધાનો પણ હવે ટ્વિટર રિપ્લાય આપવાનું શરૂ કરે ...**

**કોંગ્રેસને ડોનાલ્ડ ટ્રમ્પની જરૂર છે- એક જુગાર ચૂંટણીને નામ થઈ જાય ...**